# <u>પ્રેસ નોટ</u>

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા હાલ ના વિનિયમો માં એલ.ટી. વીજ જોડાણ ની મર્યાદા ૧૦૦ કી.વો. થી વધારી ૧૫૦ કી.વો. કરવા માટે નીચે મુજબ ના સુધારાઓ કરવામાં આવેલ છે.

- ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વીજ પુરવઠા સંહિતા અને સંબંધિત બાબતો) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪, જાહેરનામા ક્રમાંક – ૧૪/૨૦૨૪

- ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (ચોથો સુધારા) વિનિયમો, ૨૦૨૪, જાહેરનામા ક્રમાંક – ૧૫/૨૦૨૪

વિનિયમોમાં સુધારો કરવા માટે મુસદ્દાઓ અને દરેકની વિસ્તૃત સમજૂતી આપતા પત્રકોને આયોગની વેબ-સાઇટ પર હિત ધરાવનારાઓ પાસેથી વાંધા/સૂચનો મંગાવવા માટે અપલોડ કરવામાં આવેલ. તે અંગેની જાહેર સૂચના ૦૧.૦૯.૨૦૨૪ના રોજ અખબારોમાં પ્રકાશિત કરવામાં આવેલ. હિત ધરાવનારાઓ તરફથી વાંધા/સૂચનો પ્રાપ્ત થયા પછી તેના પર સુનાવણી ૧૯.૦૯.૨૦૨૪ના રોજ કરવામાં આવેલ.

આયોગે, હિત ધરાવનારાઓ પાસેથી મળેલ વાંધા/સૂચનોને ધ્યાને લઇને વિનિયમો નોટીફાઈ કરી આયોગની વેબ-સાઇટ પર પ્રસિદ્ધ કરેલ છે. આ વિનિયમો રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી લાગુ પડશે.

**સહિ/-**
(રણજીથ કુમાર જે., આઈ.એ.એસ.)
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર

તા. ૦૧/૧૦/૨૦૨૪